કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. 13/04/2026 | અંક નં.: 15 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 13/04/2026 | Issue No.: 15 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## ચૂંટણી 2026 : 3 રાજ્યોમાં જંગી મતદાન, આસામમાં સૌથી વધુ 84% વોટિંગ

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં આજે વિધાનસભા ચૂંટણી માટે એક જ તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. સવારે 7 વાગ્યાથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાંજે 5 વાગ્યા સુધીના આંકડા મુજબ આસામમાં સૌથી વધુ 84.42%, પુડુચેરીમાં 86.92% અને કેરળમાં 75.01% મતદાન નોંધાયું છે. કેરળની 140, આસામની 126 અને પુડુચેરીની 30 બેઠકો પર જનતા ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરી રહી છે. આસામની 126 બેઠકો પર 722 ઉમેદવારો મેદાનમાં છે. શાંતિપૂર્ણ મતદાન માટે 31,940 મતદાન કેન્દ્રો પર 1.5 લાખથી વધુ સુરક્ષા કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ કેન્દ્રો પર માઇક્રો-ઓબ્ઝર્વર દ્વારા નજર રાખવામાં આવી રહી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં ભાજપ હેટ્રિક જીત મેળવવા માંગે છે, જ્યારે કોંગ્રેસે ગૌરવ ગોગોઈના ચહેરાને આગળ ધરીને સત્તા હાંસલ કરવા ઈચ્છે છે.

કેરળની તમામ 140 બેઠકો પર 883 ઉમેદવારો વચ્ચે મુકાબલો છે. અહીં 2.71 કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. પિનરાઈ વિજયનની આગેવાની હેઠળનું LDF ત્રીજી વાર સત્તામાં આવવા ઈચ્છુક છે, જ્યારે કોંગ્રેસ નેતૃત્વ હેઠળનું UDF પોતાની ખોવાયેલી સત્તા મેળવવા મહેનત કરી રહ્યું છે. ભાજપ પણ અહીં પોતાની તાકાત વધારીને ખાતું ખોલવાની આશા રાખી રહ્યું છે. પુડુચેરીમાં 30 બેઠકો પર 294 ઉમેદવારો મેદાનમાં છે. મતદાન દરમિયાન મન્નાદીપેટના તિરુકાનૂર ગામમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી. ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો, જોકે આ ઘટનાથી મતદાન પ્રક્રિયા પર કોઈ અસર પડી નથી.

### માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવાની છે

સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક) દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકાના દરેક ગામમાં માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવામાં આવશે.

**રજી. સરનામું:**

સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક)

૮૯૨, મુસ્લિમ વિસ્તાર. દૂધ ડેરી નજીક, ગંભીરપુરા, તા. ઇડર, જી. સાબરકાંઠા – ૩૮૩૪૩૦

સંપર્ક:

મો. ૯૮૯૮૬૯૩૯૮૫ (વોટ્સએપ દ્વારા સંપર્ક કરો)

Email: email.badshahpathan@gmail.com

વેબસાઈટ: www.sabarreporternewspaper.in

## ઈડરમાં સરકારી કચેરી પાછળની દુકાનમાં આગ ભભૂકતાં ફફડાટ...



ઇડરમાં આવેલ કુટુંબ બાળ કલ્યાણ પાછળની એક નમકીનની દુકાનમાં બુધવારે અચાનક આગ લાગી હતી. ત્યારબાદ દુકાનના માલિકે તરત જ ઈડર ફાયરબ્રિગ્રેડને જાણ કરીને બોલાવ્યું હતું. જેથી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. જોકે આગ કયા કારણસર લાગી તેની કોઈ ચોક્કસ માહિતી સાંપડી નથી. આ અંગે વિગત એવી છે કે, ઇડરમાં આવેલ કુટુંબ બાળ કલ્યાણ કચેરીની પાછળ આવેલ એક નમકીનની દુકાનમાં બુધવારે સવારે અચાનક આગ લાગતાં દુકાનમાંથી ધુમાડાના ગોટ નિકળવા માંડયા હતા. દરમિયાન દુકાનના માલિકને ખબર પડતાં તેમણે તરતજ ઈડર ફાયર ફાઈટર ટીમને જાણ કરી હતી. ત્યારબાદ ફાયર બ્રિગ્રેડની ટીમે આગ બુઝાવવા માટે અંદાજે 18 હજાર લીટર પાણીનો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવી લીધો હતો. સાવચેતી રૂપે આગ વધુ ફેલાય નહીં તે માટે લગભગ 100 લીટર ફોમનો પણ ઉપયોગ કરાયો હતો. દુકાનમાં આગ લાગતાં અંદર રખાયેલ માલમત્તાને નુકસાન થયાનું મનાઈ રહ્યું છે. સદ્નસીબે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## સાબરકાંઠામાં ત્રણ ગંભીર અકસ્માત બે મોત

### હિંમતનગર,ગાંભોઈ વિસ્તારોમાં અકસ્માત







હિંમતનગર આસપાસના હાઈવે વિસ્તારોમાં બનેલી દુર્ઘટનાઓમાં બે લોકોના મોત થયા છે અને ચાર જેટલા લોકો ઘાયલ થયા છે. પ્રથમ અકસ્માત: હિંમતનગર-વિજાપુર સ્ટેટ હાઈવે પર કૃષ્ણનગર પાટિયા નજીક સોમવારે સવારે એક સ્કોર્પિયો કાર ટ્રેક્ટર-ટ્રેલરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કરની અસર એટલી ભારે હતી કે આ ટ્રેક્ટર રસ્તાની બાજુએ પલટી ગયું. ટ્રેક્ટર ચલાવતા ખેડૂત રાકેશસિંહ અર્જુનસિંહ મકવાણા (ઉંમર અંદાજે 40, મોર ડુંગરા) ટાયર નીચે દબાઈ જતા ઘટનાસ્થળે જ તેમનું મોત થયું. ફાયર ટીમે પહોંચી 15 મિનિટની મહેનત બાદ મૃતદેહ બહાર કાઢ્યો. આ ઘટનામાં અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. બીજો અકસ્માત: ગાંભોઈ નજીક રણાસણ ત્રણ રસ્તા ઓવરબ્રિજ પાસે આઈશર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત (Accident)થયો. રોડ ક્રોસ કરતી બાઈકને ટ્રકે ટક્કર મારતા નીતીનસિંહ રંગુસિંહ પરમાર (ઉંમર 35)નું મોત થયું. અન્ય બે યુવકો-નારણસિંહ પરમાર (ઉંમર 36) ગંભીર રીતે ઘાયલ અને દલપત પરમાર (ઉંમર 37)ને સામાન્ય ઈજાઓ પહોંચી છે. પોલીસ દ્વારા ટ્રક કબજે લઈને તપાસ શરૂ કરવામાં આવી છે. ત્રીજો બનાવ (ચમત્કારિક બચાવ): હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે 48 પર વિરાવાડા નજીક રાત્રે એક બેફામ ટ્રકે પાર્ક કરેલી કારને ટક્કર મારી હતી. અમદાવાદથી ઉદેપુર જતો એક પરિવાર કાર પાર્ક કરીને હોટલમાં જમવા ગયો હતો. આ દરમિયાન ટ્રકે વીજ થાંભલો તોડી કારને કચડી નાખી. સદ્દભાગ્યે પરિવાર કારમાં ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. આ સતત વધી રહેલા અકસ્માતો(Accident) હાઈવે પર વધતી બેદરકારીઅને ઓવરસ્પીડિંગને લઈને ચિંતાજનક પરિસ્થિતિ દર્શાવે છે. પોલીસ દ્વારા વાહનચાલકોને સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

# શ્રી અનંત અંબાણીના ૩૧મા જન્મદિવસ નિમિત્તે અંબાજી શક્તિપીઠને રિલાયન્સ દ્વારા કરોડોની ભેટ..




યાત્રાધામ અંબાજી ખાતે આગામી સમયમાં નિર્માણ પામનાર મલ્ટીપર્પજ યાત્રીનિવાસ પ્રોજેક્ટ માટે ભારતના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી અનંત અંબાણીના ૩૧મા જન્મદિવસ નિમિત્તે રૂ. ૫ કરોડના દાનની જાહેરાત કરવામાં આવી છે.યાત્રાધામ અંબાજી વિશ્વભરના શક્તિ ઉપાસકોની આસ્થાનું પવિત્ર કેન્દ્ર છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકોની સુવિધા માટે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. અંબાજી વિકાસ યોજનાના ભાગરૂપે ગબ્બર કોરિડોરના નિર્માણનું કાર્ય પ્રગતિ પર છે. વર્ષ દરમિયાન અંદાજે ૨ કરોડ જેટલા યાત્રાળુઓ માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.યાત્રિકોને સુવ્યવસ્થિત નિવાસ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ટ્રસ્ટ દ્વારા અગાઉ અંબિકા વિશ્રામગૃહ અને જગદ્દજનની પથિકાશ્રમમાં રાહતદરે આવાસ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવતી હતી.

હાલ આ બંને મલ્ટીપર્પજ યાત્રીનિવાસ જૂના અને જર્જરિત બનતાં તેમજ ગબ્બર કોરિડોર વિકાસ યોજનામાં સમાવેશ થતા તોડફોડ (ડિમોલિશન) કરવામાં આવી છે.યાત્રાળુઓની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા અંબાજી ખાતે નવા મલ્ટીપર્પજ યાત્રીભવનના નિર્માણની યોજના હાથ ધરવામાં આવી છે. આ યાત્રીભવનમાં આશરે ૬૫ રૂમ, પાર્કિંગ તથા ડોર્મિટરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અંદાજે રૂ. ૧૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ પ્રકલ્પથી દર વર્ષે આશરે ૧ લાખથી વધુ યાત્રાળુઓને રાહતદરે આવાસ સુવિધાનો લાભ મળશે.રિલાયન્સ દ્વારા શ્રી અનંત અંબાણીના જન્મદિવસના પાવન અવસરે નવા યાત્રીભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર આશરે ૧૭ રૂમોના નિર્માણ માટે રૂ. ૫ કરોડનું દાન આપવાની ઘોષણા કરવામાં આવી છે, જે અત્યંત આવકાર્ય પહેલ છે.વધુમાં, ભારતભરના ૫૧ શક્તિપીઠોમાં હૃદયસ્થાન ગણાતા અંબાજી ખાતે ટ્રસ્ટ દ્વારા 'અંબિકા અન્નક્ષેત્ર' મારફતે નિઃશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જેમાં દરરોજ અંદાજે ૭,૦૦૦ થી ૮,૦૦૦ જેટલા ભક્તો લાભ લઈ રહ્યા છે. 'અન્નદાન એ સૌથી મોટું દાન'ની ભાવનાને સાકાર કરતી રીતે રિલાયન્સ દ્વારા આગામી પાંચ વર્ષ માટે 'જય અંબે તિથિ ભોજન' યોજના અંતર્ગત રૂ. ૨૭.૫૦ કરોડનું દાન પણ આપવામાં આવશે, જેના દ્વારા દર વર્ષે 30 લાખથી વધુ યાત્રાળુઓને નિઃશુલ્ક ભોજન પ્રસાદ ઉપલબ્ધ થશે.શ્રી અનંત અંબાણીના ૩૧મા જન્મદિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવી, મા અંબાના આશીર્વાદથી તેમના દીર્ઘાયુ, આરોગ્ય અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી છે.

રિલાયન્સના સહયોગથી યાત્રીનિવાસ તથા 'જય અંબે તિથિ ભોજન' યોજના - અન્નક્ષેત્ર એમ બંને ક્ષેત્રોમાં લાખો શ્રદ્ધાળુઓને સુવિધાનો લાભ મળશે, તેવી માહિતી અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર તથા અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદીએ અખબારી યાદીમાં આપી હતી.

## અંબાજીમાં નિર્માણ પામશે અત્યાધુનિક યાત્રીનિવાસ: રિલાયન્સ દ્વારા રૂ. ૫ કરોડના દાનની જાહેરાત...




# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ એથ્લેટ મયુરી ગામીત એ બ્રોન્ઝ મેડલ મેળવી રચ્યો ઈતિહાસ

છત્તીસગઢનાં જગદલપુર ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) માં એથ્લેટીક્સની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ એથ્લેટ મયુરી ગામીત એ એથ્લેટીક્સની સ્પર્ધામાં લાંબી કુદની ઈવેન્ટમાં ૫.૪૨ મીટરનો જંપ લગાવીને પોતાની અદ્વિતીય લાંબી છલાંગ લગાવીને સમગ્ર ભારતમાં તૃતીય સ્થાન મેળવી 'બ્રોન્ઝ મેડલ' મેળવી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સના ડિરેક્ટર પ્રો(.(ડૉ.) રણછોડ રથવીએ જણાવ્યુ હતુ કે, આ સ્પર્ધા રાષ્ટ્રીય સ્તરની દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) જનજાતીય મહાકુંભમાં એથ્લેટીક્સની સ્પર્ધામાં લાંબી કુદની ઈવેન્ટમાં વિજયી બની મેડલ મેળવ્યો હોય તેવી ગુજરાત રાજ્યની આ સૌપ્રથમ ઐતિહાસિક સિદ્ધિ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ એથ્લેટ મયુરી ગામીતની આ અપ્રતિમ સફળતાએ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને ગુજરાત રાજયના ખેલ જગતનું ગૌરવ અને સન્માન રાષ્ટ્રીય ફલક પર વધાર્યુ છે. બહેનોની સ્પર્ધામાં આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવી ખૂબજ ગૌરવની વાત છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ એથ્લેટ મયુરી ગામીતની આવી વિશિષ્ટ અને વિરલ સિદ્ધિ મેળવવા માટે સમગ્ર ગુજરાત અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું ગૌરવ અને સન્માન વધાર્યુ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ એથ્લેટ મયુરી ગામીતને આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મનીષ રાવલ સાહેબ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ અને સમગ્ર યુનિવર્સિટી પરિવારે અભિનંદન આપ્યા હતા. મયુરી ગામીતની આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા માટે તેના માર્ગદર્શક એથ્લેટીક્સ કોચ પિંકલભાઈ આહિર, આસી.પ્રોફેસર નિશા નાઈકોડી અને હરેશ ભવાનીએ માર્ગદર્શન આપ્યુ હતું. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મનીષ રાવલ સાહેબ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ આ સફળતાને રાજયના ખેલાડીઓ માટે પ્રેરણારૂપ ગણાવી વિજેતા ખેલાડીના ઉજ્જવળ ભવિષ્ય માટે અનંત શુભેચ્છાઓ આપી હતી.

# ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી : કુલ 06 ઉમેદવારો વચ્ચે જામશે ચૂંટણી જંગ



ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર રાજયની 111 - ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે તા.23 મી એપ્રિલ ના રોજ મતદાન થનાર છે. તે માટે 111- ઉમરેઠ વિધાનસભાના ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા તારીખ 30 માર્ચના રોજ ઉમેદવારી પત્ર ભરવા માટે નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી કાર્યક્રમ અનુસાર તા.09-04-2026 ના રોજ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. જે અંતર્ગત ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે એટલે કે, આજે તા.09-04-2026 ના રોજ એક પણ ઉમેદવાર દ્વારા પોતાની ઉમેદવારી પાછી ખેંચવામાં ન આવતા ઉમરેઠ વિધાનસભા ના ચૂંટણી અધિકારીશ્રી દ્વારા હરીફ ઉમેદવારો નિયત કરવામાં આવ્યા છે. ૧. શ્રી ભૃગુરાજસિંહ ચૌહાણ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ ૨. હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર, ભારતીય જનતા પાર્ટી ૩.શ્રી મૌલિક વિનુભાઈ શાહ, ભારતીય નેશનલ જનતા દળ ૪. શ્રી જીતેશકુમાર ઘનશ્યામભાઈ સેવક, (જીતુભાઈ સેવક) અપક્ષ ૫. શ્રી નિરૂપાબેન નટવરલાલ માધુ, અપક્ષ ૬. શ્રી મહેન્દ્રભાઈ નટવરભાઈ પરમાર, અપક્ષ

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

# હિંમતનગરના કરંટ:નવાબજારના વેપારીનું બાથરૂમમાં ગીઝરના વાયરથી મોત...



હિંમતનગરમાં નવાબજાર વિસ્તારમાં કરિયાણાના વેપારી રાકેશકુમાર રમેશચંદ્ર મોદીનું કરંટ લાગવાથી મોત થયું છે. આ ઘટના સવારે બાથરૂમમાં સ્નાન કરતી વખતે બની હતી. રાકેશકુમારની દુકાન નીચે અને રહેઠાણ ઉપરના માળે આવેલું છે. રાકેશભાઈના સસરાને રાકેશભાઈ બાથરૂમમાં બેભાન અવસ્થામાં જોવા મળતા પરિવારજનોને જાણ કરી હતી. બાદમાં આ ઘટનાની જાણ હિંમતનગર બી. ડિવિઝન પોલીસને કરાતા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે દરવાજો તોડીને અંદર પ્રવેશ કરતા રાકેશકુમાર બાથરૂમમાં પડેલા જોવા મળ્યા હતા. તપાસ દરમિયાન ગીઝરનો વાયર નીકળેલો જણાયો હતો, જેના કારણે કરંટ લાગવાથી તેમનું મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.

**હિંમતનગર માં નવાબજાર ના વેપારીનું બાથરૂમ માં ગીઝરના વાયર થી કરંટ લાગતા મોત નીપજ્યું છે......**

# ઇડરના સરકારી ગોડાઉનમાં આંટાફેરા મારતા શંકાસ્પદ વ્યકિત અંગે તર્કવિર્તક

સાબરકાંઠા જિલ્લાના ઇડરના લાલોડા- સવગઢ રોડ પર આવેલ નાગરિક અન્ન પુરવઠા વિભાગના સરકારી ગોડાઉનમાં છેલ્લા કેટલાક દિવસોથી સરકારે બ્લેકલિસ્ટ કરેલ એક શંકાસ્પદ વ્યકિતના આંટાફેરા વધી ગયા હોવાનું માનીને ઇડર સહિત અન્ય સરકારી કચેરીઓમાં અનેક તર્કવિર્તક શરૂ થયા છે. ઇડરના આ ગોડાઉનનો કોન્ટ્રાકટ રમેશ પ્રજાપતિને આપવામાં આવ્યો છે. જયાં દરેક ઠેકાણે અનાજ મોકલવા માટે વાહનોનો કોન્ટ્રાકટ તેમની પાસે છે. ત્યારે તેમણે પેટા કોન્ટ્રાકટ તરીકે નારાયણભાઇ ખટીકને રાખ્યા છે. સ્થાનિકોના કહેવા મુજબ, આ નારાયણભાઇ ખટીક સામે અગાઉ પોલીસ ફરિયાદ થઇ હોવાને કારણે તેમને બ્લેકલિસ્ટ કરાયાના આક્ષેપ થઇ રહ્યા છે તેમ છતાં રમેશ પ્રજાપતિ દ્વારા નારાયણભાઇ ખટીકને મહત્વ અપાઇ છે.

# હિંમતનગર:વિવિધ સ્થળેથી 485 પોસ્ટર-બેનર-લખાણ દુર કરાયા...



સાબરકાંઠા જિલ્લામાં આગામી તા.26 એપ્રિલના રોજ યોજાનાર જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયતો તથા ત્રણ નગરપાલિકાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા આચારસંહિતાનો કડક અમલ થાય તે માટે ગુરૂવાર સુધીમાં જિલ્લાના વિવિધ સ્થળે આવેલ સરકારી મિલ્કતો પરથી 485 પોસ્ટર, બેનર અને લખાણો દુર કરવામાં આવ્યા છે. તેમ છતાં આ અંગે જો કોઇ નાગરિકને રજૂઆત આવશે તો તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરાશે. આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, સાબરકાંઠા જિલ્લામાં આવેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જે દિવસે રાજય ચૂંટણીપંચ દ્વારા મતદાનની તારીખો સાથેનો કાર્યક્રમ પ્રસિધ્ધ કરાયા બાદ તરત જ આદર્શ આચારસંહિતાનો અમલ કરવા માટે સંલગ્ન વિભાગના અધિકારીઓને તાકિદ કરવામાં આવી હતી. દરમિયાન હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઇડર, વડાલી, ખેડબ્રહ્મા પોશીના, વિજયનગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ સરકારી મિલકતો તથા જાહેર રસ્તા પર લગાવવામાં આવેલ જાહેરાતરૂપી લખાણ, પોસ્ટર અને બેનરો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ તંત્ર દ્વારા નગરપાલિકા વિસ્તાર સહિત તાલુકાઓમાંથી મતદારોને ભ્રમિત કરી શકે તેવા લખાણો દુર કરવામાં આવ્યા છે.

---

# ખાનગી શાળાઓનો દબદબો, સરકારી શાળાઓની અવગણના — ગરીબોના ભવિષ્ય સાથે અન્યાય?



ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થામાં એક ચિંતાજનક વિસંગતિ સામે આવી રહી છે. એક તરફ ખાનગી શાળાઓમાં ખર્ચનો બોજ સતત વધતો જાય છે, જ્યારે બીજી તરફ સરકારી શાળાઓ પ્રત્યે વિશ્વાસમાં ઘટાડો જોવા મળી રહ્યો છેખાનગી શાળાઓ આધુનિક સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ અને વિવિધ પ્રવૃત્તિઓના નામે પોતાની કાયાપલટ દર્શાવી રહી છે, પરંતુ આ બદલાવનો મુખ્ય હેતુ શિક્ષણ કરતાં વધુ આવક વધારવાનો લાગે છે. દર વર્ષે વધતી ફી, નવી પુસ્તકો અને ફરજિયાત યુનિફોર્મના કારણે સામાન્ય અને ગરીબ વર્ગ માટે ખાનગી શાળાઓમાં બાળકોને ભણાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છેબીજી તરફ, સરકારી શાળાઓની હકીકત પણ વિચારવા જેવી છે. મોટાભાગના અધિકારીઓ અને રાજકારણીઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં ભણાવતા નથી, જે લોકોના વિશ્વાસમાં ઘટાડો થવાનું એક મોટું કારણ છે.ઉપરાંત, સરકારી શાળાના શિક્ષકોને વારંવાર શૈક્ષણિક કાર્ય સિવાયની ફરજોમાં લગાડવામાં આવે છે — જેમ કે વસ્તી ગણતરી, ચૂંટણી ફરજ, વિવિધ સરકારી કાર્યક્રમોમાં હાજરી વગેરે. જેના કારણે શિક્ષણની ગુણવત્તા પર સીધી અસર પડે છે અને વિદ્યાર્થીઓને પૂરતું ધ્યાન મળી શકતું નથીઆ પરિસ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે — ગરીબો શું કરે?ખાનગી શાળાઓનો ખર્ચ ઉઠાવી શકતા નથી અને સરકારી શાળાઓમાં ગુણવત્તા અંગે પ્રશ્નો ઉભા થાય છે. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ એક દૂરનું સપનું બની રહ્યું છેજરૂરી છે કે સરકાર આ દ્વંદ્વને ગંભીરતાથી સમજે અને બંને ક્ષેત્રમાં સંતુલન લાવે. સરકારી શાળાઓમાં ગુણવત્તા સુધારવી, શિક્ષકોને શિક્ષણ સિવાયની ફરજોમાંથી મુક્ત કરવું અને ખાનગી શાળાઓ પર કડક નિયંત્રણ લાવવું હવે સમયની માંગ બની ગઈ છેકારણ “શિક્ષણમાં અસમાનતા વધશે તો સમાજમાં અંતર વધુ ઊંડું થશે.”

---

# ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી - ૨૦૨૬ ‘સ્વીપ’ (SVEEP) અભિયાનના ભાગરૂપે ઉમરેઠ ખાતે મહેંદી કાર્યક્રમ યોજાયો આંગણવાડી કાર્યકરો અને વિદ્યાર્થીનીઓએ હાથોમાં મહેંદી રચાવી આપ્યો અચૂક મતદાનનો સંદેશ



૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં આગામી ૨૩મી એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં મતદારો ઉત્સાહપૂર્વક ભાગ લે અને મતદાનની ટકાવારી વધે તેવા શુભ આશય સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ‘સ્વીપ’ (SVEEP) પ્રવૃત્તિઓ યોજાઇ રહી છે. અભિયાનના ભાગરૂપે ઉમરેઠમાં એસ.એન.ડી.ટી. ગ્રાઉન્ડ પાસે આવેલા બ્રહ્માકુમારી સેન્ટર ખાતે એક વિશેષ મહેંદી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડી કાર્યકર બહેનો અને વિદ્યાર્થીનીઓએ પોતાના હાથો પર આકર્ષક મહેંદી રચાવીને ‘અચૂક મતદાન’ કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો. નારી શક્તિ અને યુવા શક્તિના સંગમ સમાન આ કાર્યક્રમ દ્વારા લોકશાહીના પર્વમાં જોડાઈ મતાધિકારનો ઉપયોગ કરવા નગરજનોને અપીલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે મતદાન જાગૃતિના આ સેવાયજ્ઞને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રવીણ ચૌધરી દ્વારા ૮ મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ સુધી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું વિશેષ કેલેન્ડર પણ લોન્ચ કરવામાં આવ્યું છે. આ કેલેન્ડર મુજબ આગામી દિવસોમાં ઉમરેઠ મત વિસ્તારમાં દરરોજ અવનવા કાર્યક્રમો દ્વારા મતદારોને જાગૃત કરવામાં આવશે. આજની મહેંદી સ્પર્ધા અને જાગૃતિ કાર્યક્રમમાં સુધી સ્વીપ કાર્યક્રમના નોડલ ઓફિસર શ્રી જિલ્લા શિક્ષણાધિકારી શ્રી કામિનીબેન ત્રિવેદી, તાલુકા શિક્ષણાધિકારી તેમજ બ્રહ્માકુમારી સેન્ટરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા મતદારોને ૨૩મી એપ્રિલે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબૂત બનાવવા આહવાન કરવામાં આવ્યું છે.

# ખેડબ્રહ્માના આગીયા મટોડા હાઈવે રોડ પર પ્લાસ્ટિક ભરેલી આઈસરમાં આગ...



ખેડબ્રહ્માના આગીયા મટોડાની રોડ વચ્ચે પ્લાસ્ટિક ભરેલી આઈસર ગાડીમા અચાનક આગ લાગતા અફરીતફરી મચી ગઈ હતી. ખેડબ્રહ્માના આગીયા મટોડા હાઈવે રોડ વચ્ચે ગતરોજ વહેલી સવારે તલોદથી અંબાજી તરફ્ જતી આઈસરગાડી જેમાં પ્લાસ્ટિકના કોથળા ભરીને અંબાજી તરફ્ જઈ રહી હતી. ત્યારે આગીયા મટોડા હાઈવે રોડ વચ્ચે અચાનક આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં આગના ગોટે ગોટા નીકળ્યા હતા. આ ઘટનાની જાણ ખેડબ્રહ્મા ન.પાલિકાના ફાયરબ્રિગેડ કરતાં સંતોષ પટેલ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

## ખેડબ્રહ્મા-આગીયા હાઈવે પર પ્લાસ્ટિકના કોથળા ભરીને જતી આઈસર ગાડીમાં અચાનક આગ લાગતા ભારે દોડધામ મચી હતી

# પ્રોહિબિશન કેસમાં ફરાર આરોપી ઝડપાયો

## બી ડિવિઝન પોલીસની કાર્યવાહી



હિંમતનગર બી ડિવિઝન પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં ફરાર આરોપીને ઝડપવામાં સફળતા મળી છે. પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં પકડવાનો બાકી રહેલો આરોપી અશ્વિન કાંતિલાલ ડામોર (રહે. મુદર, તાલુકો બીછીવાળા, રાજ્ય રાજસ્થાન) પોલીસના હાથે ઝડપાયો છે.મળતી માહિતી મુજબ પોલીસ ટીમ આરોપીની શોધખોળ માટે રાજસ્થાન ખાતે તેના નિવાસસ્થાને પહોંચી હતી, જ્યાં તપાસ દરમિયાન આરોપી મળી આવતા તેને કાયદેસર રીતે ઝડપી લેવામાં આવ્યો હતો.આરોપી સામે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. બી ડિવિઝન પોલીસની આ કામગીરીને નોંધપાત્ર સફળતા માનવામાં આવી રહી છે.

# હિંમતનગરમાં કમોસમી વરસાદ તમાકુના પાકને ભારે નુકસાન,માર્કેટ યાર્ડમાં ખરીદી બંધ..



સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ અને તેજ પવનના કારણે તમાકુના પાકને ભારે નુકસાન થયું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હિંમતનગર કોટન માર્કેટ યાર્ડમાં તમાકુની ખરીદી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે. ખેડૂતોને હાલ માટે પોતાનો પાક માર્કેટમાં ન લાવવાની સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં મીની વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. તેજ પવનના ઝોકા અને વરસાદના કારણે માર્કેટિંગ યાર્ડમાં આવેલ તમાકુનો પાક ઉડી ગયો હતો તેમજ ભીનો થઈ જતાં તેની ગુણવત્તા પર ગંભીર અસર પડી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માર્કેટ યાર્ડ તંત્રએ તમાકુની ખરીદી તાત્કાલિક બંધ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ ખેડૂતોને સૂચના આપવામાં આવી છે કે તેઓ હાલ માટે તમાકુ વેચાણ માટે ન લાવે. હવામાનમાં સુધારો થયા બાદ ખરીદી ફરી શરૂ કરવામાં આવશે. ખેડૂત અને વેપારીઓના નુકસાનને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય તાત્કાલિક રાહતરૂપ માનવામાં આવી રહ્યો છે.

# મિની વાવાઝોડા સાથે કમોસમી વરસાદ, સાબરકાંઠામાં શાકભાજી પાકને ભારે નુકસાન





સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદે શાકભાજીના પાકમાં ભારે નુકસાન સર્જ્યું છે. ભારે પવન સાથે પડેલા વરસાદના કારણે પાકને નુકસાન થતાં બજારમાં શાકભાજીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ખેડુતોને ભારે આર્થિક ફટકો લાગ્યો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં ગઈકાલે ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર વિસ્તારમાં લગભગ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જ્યારે અન્ય તાલુકાઓમાં ૦૮ એમએમથી અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. ભારે પવનના કારણે વેલાવાડી શાકભાજી પાકને ભારે નુકસાન થયું છે. ટામેટા, મરચા, રીંગણ અને દુધી જેવા પાકોના ભાવમાં ઘટાડો નોંધાતા ખેડુતોને ખર્ચ પણ કાઢવો મુશ્કેલ બની ગયો છે. અચાનક વધેલી આવકના કારણે બજારમાં ભાવમાં મંદી આવી છે. સાથે જ પાકના વેલા અને માંડવા પડી જતાં નુકસાન વધી ગયું છે. ગઈકાલે સર્જાયેલા મિની વાવાઝોડા અને કમોસમી વરસાદના કારણે છોડ પર રહેલી શાકભાજી જમીન પર પડી ગઈ છે. જેના કારણે આજે હોલસેલ માર્કેટમાં મરચા, ટામેટા, દુધી અને રીંગણ જેવા પાકનો ભરાવો થયો છે. અચાનક વધેલી આવકને કારણે શાકભાજીના ભાવમાં 30 થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે ખેડુતોને મોટું નુકસાન થયું છે.વેપારીઓના જણાવ્યા મુજબ હાલ બજારમાં ખરીદદારોની અછત છે અને શાકભાજી વેચાઈ રહી નથી. વરસાદના કારણે છૂટક વેપારીઓનું માલ પણ અટવાઈ જતા માર્કેટમાં ભરાવો વધ્યો છે. કુદરતી આફતો સામે હાલ ખેડુતો લાચાર બની ગયા છે. રોકડિયા પાક ઉપરાંત શાકભાજીના પાકમાં પણ ભારે નુકસાન થયું છે. કમોસમી વરસાદ અને મિની વાવાઝોડાના કારણે પાકના વેલા અને માંડવા પડી ગયા છે. હાલની પરિસ્થિતિને જોતા, આવનાર સમયમાં શાકભાજીના ભાવમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.




# પ્રાંતિજના કરોલ ગામે પશુ તસ્કરોનો આતંક , એક જ રાત્રે સાત દુધાળા પશુ ઓની ચોરી....

પ્રાંતિજના કરોલ ગામે પશુ તસ્કરોનો આતંક, એક જ રાત્રે સાત દુધાળા પશુઓની ચોરીપ્રાંતિજ તાલુકાના કરોલ ગામે પશુ તસ્કરો ત્રાટક્યા હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો દ્વારા રાત્રિના સમયે ત્રણ પશુપાલકોને નિશાન બનાવી સાત જેટલી દુધાળા ભેંસોની ચોરી કરી જતા ગામમાં ભયનો માહોલ સર્જાયો છે.મળતી માહિતી મુજબ તસ્કરો સુનિયોજિત રીતે પશુઓને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા પશુઓની કુલ કિંમત આશરે બે લાખ રૂપિયા જેટલી હોવાનું સામે આવ્યું છે.આ મામલે બે અલગ અલગ ફરિયાદો નોંધવામાં આવી છે અને પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે તસ્કરો સુધી પહોંચવા માટે સીસીટીવી ફૂટેજ સહિતના તમામ એંગલ પરથી તપાસ શરૂ કરી છે.